વાણિજ્યિક વેરા કમિશ્નરની કચેરીની "૦૪૦-વાણીજય વેરા"
તથા "૦૨૮-પ્રો.ટેક્ષ" ની વિગતો નિયમિત રીતે પૂરી પાડવા બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંક :- હિતિનિ/ટીસી/ફા.૧૦૧/૩૦૦૧(૪૧)/૧૧૩૫૯.**
**તારીખ :-૨૮-૧૧-૨૦૦૭.**

**:: પરિપત્ર ક્રમાંક ૩૧/૨૦૦૭ ::**

આથી રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, તિજોરી કચેરી ખાતે નીચે દર્શાવેલ સદરે જમા થતી તમામ રકમની વિગતો આપના જિલ્લાના વાણિજ્યિક વેરા અધિકારીની કચેરીને નિયમિત રીતે પૂરી પાડવાની રહેશે. આ અંગે નીચે મુજબ સૂચનાઓ આપવામા આવે છે.

- મોકલવાની માહિતી : ૦૪૦-વાણિજય વેરા
  ૦૨૮-પ્રો.ટેક્ષ
- ઉકત બાબતે આપના જિલ્લાની વાણિજય વેરા અધિકારીની કચેરીના ડીલર માસ્ટર નિયમિત રીતે ત્રિમાસીક ધોરણે અધ્યતન કરેલ મેળવી લેવાના રહેશે.
- આ અપટેડેટ માસ્ટર જિલ્લા તિજોરી કચેરીના માસ્ટર ડેટામાં અધ્યતન કરવાના રહેશે.
- ડીલર માસ્ટર ઈમ્પોર્ટ કરવા માટે Utility અને Sale tax Master Import નો ઉપયોગ કરવો.
- ડેટા મોકલવા માટે તિજોરી કચેરીના સોફટવેરનો ઉપયોગ કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.
  - Reports
  - Book Section
  - Sale Tax Reports
  - Sale Tax Data
  - Txt file બનાવવી જરૂરી છે.
  - Txt File ઈમેલ એડ્રેસથી મોકલવી અથવા સી.ડી. બનાવી અલગ રીતે મોકલવી.
- ઉકત વિગતે સંબંધકર્તા તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓએ પ્રો.ટેક્ષ તથા વેટની આવકની ટ્રેઝરીશીટ ચલણો સહીત વાણિજય વેરા અધિકારીને મોકલવી તથા તેની સોફટ કોપી પણ મોકલવાની રહેશે.
- ઉકત વિગતે કોઈ સ્પષ્ટતાની આવશ્યકતા હોય તો શ્રી બી.એમ.ચુડાસમા, શ્રેયાન તિજોરી અધિકારી, જિલ્લા તિજોરી કચેરી, અમદાવાદ, ટેલીફોન નં.૦૭૯-૨૫૫૦૬૬૨૫, અત્રેની ઈ.ડી.પી.સેલ શાખાના શ્રી ટી.સી.ઠાકોર, ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૫૬૩૪૧, ૨૩૨૫૬૩૪૨, ૨૩૨૫૬૩૪૩ તથા શ્રી એસ.જી.યાદવ, નાયબ નિયામક, વાણિજ્યિક વેરા કમિશ્નરની કચેરી, અમદાવાદ, ટેલીફોન નં.૨૬૫૮૯૭૯૫ ઉપર સંપર્ક કરવો.

**નિયામક**

પ્રતિ,
(૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
(૨) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ...................... (તમામ)